જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૧૨/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૨૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૧ કેસ કરી, ૮૮ વ્યક્તિઓને ઝડપી, ૩૯૫ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૬ બીયર ટીન, ૦૫ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૧૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૮૨૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૮૨૮/૨૦૨૫**

ક્રાઈમ બ્રાન્ચઃ (૧) નિમિષભાઈ બિપીનભાઈ શાહ (ઉ.વ.૫૫) (રહે. હેપ્પીહોમ એપાર્ટમેન્ટ અંકુર રોડ જોધપુર સ્વીટ સામે નારણપુરા) એ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૨/૨૦૨૪ થી તા.૧૨/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા આશ્રમ રોડ જગમોહન હોસ્પિટલની સામે જુની હાઈકોર્ટની લાઈનમાં રત્નદીપ કોમ્પ્લેક્ષ ઓફીસ નંબર–૧૦૩ ખાતે આરોપી (૧) દિપક રાઠોડ કેદીવ્યા (ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી. કંપનીના માલીક ઓફીસ–પ્લોટ નં.૨૨ શિવાય ઈન્ડસ્ટ્રીઝ પાર્ક કેયુએચપી વિલેજ ઈન્દોર હાઈવે) અને (૨) હિતેષભાઇ ગંગારામ પંચાલ ("એડી એન્ટરપ્રાઈઝ" કંપનીના માલીક, ઓફીસ પ્લોટ નં એ–૫ આઈનોક્ષ્ય ઈન્ડસ્ટ્રીયલ પાર્ક ચાવલજ રણોદરા ચાંદીયલ રોડ કુહા) એ ભેગા મળી નિમિષભાઈ શાહ તથા તેમના ભાઇનો વિશ્વાસ અને ભરોસો કેળવી નિમિષભાઈ શાહની "શ્રી પાશ્વનાથ સ્ટીલ ટ્યુબ ટ્રેડર્સ" માંથી લોખંડના પતરા પ્લેટ ગેલ્વેનાઈઝના પતરા ગેલ્વેનાઈઝ પતરાની કોઈલ ચેનલ સી.આર.ના પતરા એન્ગલ ગડર અને પાટા મળી અલગ–અલગ કુલ–૨૪ ટેક્સ ઈનવોઈસ બીલ મારફતે કિમત રૂપિયા ૧,૭૩,૩૮,૮૦૦/– માલ મેળવી માલ પેટે રૂપિયા ૭૩,૦૬,૩૦૨/– ચૂકવી, બાકી નીકળતા રૂપિયા ૧,૦૦,૩૨,૪૯૮/– નહીં ચૂકવી તેમજ નિમિષભાઈ શાહના ભાઇ નાઓની કર્ણાવતી સ્ટીલ ટ્રેડર્સમાંથી લોખંડની ચેનલ તથા એન્ગલ મળી અલગ–અલગ કુલ–૦૭ ટેક્સ ઈનવોઈસ બીલ મારફતે કિમત રૂપિયા ૬૦,૧૩,૬૩૧/– માલ ખરીદ કરી મેળવી લઈ માલના રૂપિયા ૪૨,૫૯,૬૩૬/– ચૂકવી, બાકી નીકળતા રૂપિયા ૧૭,૫૩,૯૯૫/– નહીં ચૂકવી તેમજ આરોપી દિપક રાઠોડ કેદીવ્યા ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.નામની કંપની ઓફીસ–પ્લોટ નં.૨૨ શિવાય ઈન્ડસ્ટ્રીઝ પાર્ક કેયુએચપી વિલેજ ઈન્દોર હાઈ–વે અમદાવાદ નાઓએ નિમિષભાઈ શાહની "શ્રી પાર્શ્વનાથ સ્ટીલ ટ્યુબ ટ્રેડર્સ" માંથી પતરા તથા લોખંડની પાઇપો મળી કુલ રૂપિયા ૨૪,૪૬,૦૨૦/– માલ અલગ–અલગ કુલ–૦૩ ટેક્સ ઈનવોઈસ બિલ મારફતે તેઓની કેદિવ્યા ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ.કંપનીના નામે ખરીદ કરી આ માલ પેટે રૂપિયા ૧૩,૨૯,૦૯૭/– ચુકવી, બાકી નીકળતા રૂપિયા ૧૧,૧૬,૯૨૩/– નહીં ચૂકવી બન્ને વેપારીઓએ કુલ રૂપિયા ૧,૨૯,૦૩,૪૧૬/– ચુકવણી નહી કરી નિમિષભાઈ શાહ તથા તેમના ભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઇ.શ્રી એમ.ડી.સોલંકી ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ (૨) નિરવ સ/ઓ મહેન્દ્રભાઈ કનોડીયા (ઉ.વ.૩૫) (રહે. કુંજ વિહાર એપાર્ટમેન્ટ સર્કીટ હાઉસ રોડ શાહીબાગ) એ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૪/૨૦૧૯ થી તા.૦૬/૦૬/૨૦૨૨ સુધીના સમયગાળા દરમ્યાન સારંગપુર શ્રીજી કલોથ માર્કેટ ઓ.બી.સી.બેંક તેમજ મેઘદુત હોટલની બાજુમાં દુકાન ખાતેથી આરોપી નંદપ્રિયા ફેબ્રિક્સ પ્રા.લી.ના ડાયરેક્ટર (૧) સંજય પાંડે (૨) નિરૂપમા પાંડે (ઠેકાણુ– ૦૯૧૧૦૨ ગીતા કોલોની ૧૦ બ્લોક પહેલો માળ ગુરૂદ્વારા પાસે ગાંધીનગર દિલ્હી તથા દલાલ (૧) મહેશ જવર (૨) મયંક ખન્ના અને (૩) પુરુષોત્તમ શર્મા નાઓએ ભેગા મળી કાપડનો માલ મેળવી લઈ તે પૈકી માલના રૂપિયા ૨,૬૪,૧૧,૮૭૪/– નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ન્યુ કલોથ માર્કેટ વિંગ પો.ઇ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ (૩) રિતેષભાઇ મોહનલાલ મોટવાણી (રહે. ગોપાલપાર્ક સોસાયટી માયા સિનેમા રોડ કુબેરનગર) એ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૮/૨૦૧૮ થી ૧૩/૦૪/૨૦૨૧ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર હરીઓમ માર્કેટ સામે જેકોરભાઇ માર્કેટમાં ગ્રાઉન્ડ ફ્લોર દુકાન ખાતે આરોપી દલાલ મીઠાલાલ ઉર્ફે મહેશભાઇ બગનાણી તથા વેપારી ઘનશ્યામભાઇ મહેશભાઇ બગનાણી (રહે. કોમલ ચેમ્બરની બાજુમાં પાંચકુવા મહાજનની સામે પાંચકુવા કાલુપુર) નાઓએ ભેગા મળી રિતેષભાઈ મોટવાણીની "કે.રિતેષકુમાર" નામથી ફર્મમાંથી "કે.એચ.ક્રિએશન" (એચ.યુ.એફ.) માં કુલ રૂપિયા ૩,૨૮,૮૯,૩૨૪/– રેડીમેઇડ કુર્તી, રીયોન, કોટન, લેડીસ ગાઉન્સનો કપડાનો માલ ૩૦ દિવસની ઉધારીમાં લઈ જઈ બાકી નિકળતા રૂપિયા ૯૧,૪૭,૦૪૪/– નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઇ.શ્રી એમ.વી.ચાવડા ચલાવે છે.

મણીનગરઃ નિરવ સ/ઓ મનોજભાઈ ભુપતાણી (ઉ.વ.૩૯) (રહે. ક્રિપા એવન્યુ દુર્ગા સ્કુલની ગલીમાં ભાગ્યોદય બેંકની ઉપર મણીનગર) એ તા.૨૬/૧૨/૨૦૨૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે નવેમ્બર/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) તુષાર રમેશભાઈ મહેતા અને (૨) આનંદ રમેશભાઈ મહેતા (બન્ને રહે. રૂશીલ હોમ્સ આરોહી ક્લબ રોડ ઘુમા તા–દસ્ક્રોઈ) એ ભેગા મળી ધંધામાં ઉંચુ પ્રોફીટ મળશે તેવી લાલચ આપી નિરવ ભુપતાણી પાસેથી રૂપિયા ૧,૦૫,૦૦,૦૦૦/– મેળવી લઈ પરત નહી આપી વિશ્વાસઘાત કર્યો હતો.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

ગુરૂદ્વારામાંથી ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૮૨૯/૨૦૨૫**

નારોલઃ નિર્મલસિંઘ ગુર્મઇલસિંઘ કાલસી (રહે. સમ્રાટનગર મુક્તજીવન વિદ્યાલયની બાજુમા ઇસનપુર) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૧૨/૨૦૨૫ રાતના ૦૯/૦૦ થી તા.૧૬/૧૨/૨૦૨૫ કલાક ૦૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઇસનપુર સમ્રાટનગર શ્રી દસમેસ દરબાર ગુરૂદ્વારાની દાનપેટીમાંથી આશરે રૂપિયા ૧,૫૦,૦૦૦/– તથા તિજોરીમાંથી રૂપિયા ૧૦,૦૦૦/– અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૮૩૦/૨૦૨૫**

શાહપુરઃ અફસાના બાબુખાન શેખ (ઉ.વ. ૨૯) (રહે. અખ્તરી મંઝીલ નુરાની સ્ટ્રીટ મિલ કમ્પાઉન્ડ શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૫/૧૨/૨૦૨૫ રાતના ૦૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.જોટાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી